जागर्तु कोऽपि वसुधावलयेऽनसूयः
सन्मार्मिकः, प्रयतनं हि यदर्थमेतत् ।।
આ પૃથ્વીના પટલ પર કોઈક સન્માર્મિક આત્મા આ લખાણોથી જાગૃત થશે, તે માટેના આ પ્રયાસો છે.

# વિનિયોગ સમાચાર

માસિક

Vol.: 18 • Issue No. : 1 • Pages : 8 MUMBAI • 1st January - 2020 Price Rs.10/- Annual Subscription Price : Rs . 101/-

# વિકાસ એટલે હિંદૂ પ્રજાના જીવનના તમામ ક્ષેત્રોમાં અનાર્ય વ્યવસ્થાઓની ઘુસણખોરી

આ દેશની ભાવિ પ્રજા તેના દેશનું નામ, તેનું પ્રજા તરીકેનું સાચું નામ, તેના ધર્મનું નામ, તેની જ્ઞાતિ-કુળ-ગૌત્ર વિગેરેનું નામ, ધાર્મિક, આર્થિક, સામાજિક વ્યવહારો, તેના નિયમો, તેના રીતરિવાજો, તેની ખાનપાન બનાવવાની કળાઓ વિગેરે તમામ બાબતો ભૂલી જાય, તેમાં આમૂલચૂલ પરિવર્તન આવી જાય, તે રીતે જીવનના તમામ ક્ષેત્રોમાં આધુનિકતાને નામે અનાર્ય વ્યવસ્થાઓ પ્રવેશ પામતી જાય છે.

એક એક બાબતમાં અનાર્ય વ્યવસ્થા હિંદૂ પ્રજાના જીવનમાં પાછલા બારણેથી કઈ રીતે ઘુસણખોરી કરે છે તેની સમજણ આપવા જતાં પાનાં ને પાનાં ભરવા પડે. અહીં માત્ર નમૂના રૂપે કેટલીક બાબતોનો ઉલ્લેખ કર્યો છે.

**હિંદુસ્તાન, હિંદૂ પ્રજા, વૈદિક ધર્મ :**

આ સાચા શબ્દોનો પ્રચાર એવી ખોટી રીતે કરવામાં આવી રહ્યો છે કે જેથી ભાવિ પેઢી પોતાનું પ્રજા તરીકેનું સાચું નામ ભૂલી જાય, પોતાના ધર્મનું નામ ભૂલી જાય, અને ભળતા જ નામથી પોતાની પ્રજા તરીકેની ઓળખથી ઓળખાય. તેવી જ રીતે ધર્મની બાબતમાં.

(૧) આ દેશ હિંદુસ્તાન યા ભારત તરીકે ઓળખાતો આવ્યો છે. તેને બદલે 'ઇન્ડિયા' તરીકે નવી ઓળખ મળવાથી પોતાના વતનનું સાચું નામ ભાવિ પ્રજા ભૂલી જાય.

(૨) તે જ રીતે આ દેશની પ્રજા યુગોથી હિંદૂ પ્રજા તરીકે ઓળખાતી આવી છે. પ્રજા તરીકેની તેની આ સાચી ઓળખ મીટાવી દેવા માટે 'હિંદૂ' શબ્દને 'પ્રજા' આગળથી ઉપાડી લઈને તેને ધર્મ સાથે જોડી દેવાયો છે, અર્થાત્ 'હિંદૂ ધર્મ' એવો પ્રચાર શરૂ થયો છે. એક કાંકરે ઘણા બધા પક્ષીઓ મારવાની આ ગૂઢ ચાલ છે.

આવા પ્રચારથી આ દેશની પ્રજાની 'હિંદૂ પ્રજા' તરીકેની ઓળખાણ મીટાવી દેવામાં આવે છે. એક જ શબ્દ પ્રયોગના પ્રચારથી લાખો વર્ષની ઓળખનો નાશ કરવામાં આવે છે. તે માટે એવો પ્રચાર કરવામાં આવે છે કે હિંદૂ પ્રજા સ્વતંત્ર પ્રજા નથી, અને હોય તો પણ તે હવે સ્વતંત્ર પ્રજા તરીકે રહી શકે નહીં. તેનું સ્વતંત્ર વ્યક્તિત્વ ટકી ન રહેવું જોઈએ. માટે હિંદૂ પ્રજાના યુવકોએ અને તેના ભવિષ્યના સંતાનોએ પોતાને હિંદૂ તરીકે ન ઓળખાવવા જોઈએ. એ રીતની ઓળખથી કોમવાદને ટેકો મળે છે, અને માનવો-માનવો વચ્ચેનો વિખવાદ વધે છે. માટે તેમણે પોતાને 'હિંદી' તરીકે ઓળખાવવા. તેથી વિખવાદ ઘટશે. તથા હાલમાં ભારતમાં રહેતા દુનિયાભરના બીજા માનવો સાથે હિંદી તરીકેનો સંબંધ જોડાશે. હિંદૂ, મુસલમાન, પારસી, શીખ, અંગ્રેજ, ફ્રેંચ, અમેરિકન એવા જુદા જુદા સંબંધથી ભારતની પ્રજા ઓળખાય, તેના કરતા એક જ 'હિંદી' શબ્દથી 'હિંદીભાઈ' તરીકે ઓળખાય એ વધુ સારું નથી? આ પ્રચારને પુષ્ટ કરવા રાષ્ટ્રીય ગીતો પણ એ રીતે રચાયાં છે, અને ગવાય છે. અને શાસનના વર્તમાન સંચાલકોને આવો પ્રચાર લાંબે ગાળે રંગીન પ્રજાના અસ્તિત્વ ઉપર ક્યું અને કેવું જોખમ દોરી લાવશે, તેની ઊંડી સમજ ન હોવાથી પ્રચાર આગળ ધપાવ્યે જાય છે. નાતજાતના ભેદ તોડવા ઉપરાંત હિંદૂ પ્રજા તરીકેનો ભેદ દૂર કરવા તરફ ઉછરતી પ્રજાને દોરવી જાય છે.

તેનો ગૂઢાર્થ એ છે કે બહારના દેશના લોકોને પણ 'હિંદીભાઈ' તરીકે હિંદના વતની તરીકે માનવા જોઈએ. ભારત માત્ર હિંદૂઓનો જ દેશ નથી, હિંદમાં રહેતા અન્ય દેશના પ્રજાજનોનો પણ તે દેશ છે. તેમને જો પરદેશીઓ ગણવામાં આવશે તો હિંદૂઓ પણ પરદેશીઓ છે કેમ કે ભારતની બહારના કેટલાક સંશોધકો જણાવે છે કે ખરા ભારતવાસીઓ તો પર્વતો વિગેરેમાં રહેનારા લોકો છે. આ રીતે આ દેશની આર્ય હિંદૂ પ્રજાને પણ પરદેશી ઠરાવવા પર્વતો અને વનમાં રહેનારા લોકોને 'આદિવાસી' શબ્દથી ઓળખાવવાનો નવો રિવાજ શરૂ થયો છે. જેથી ભવિષ્યમાં હિંદૂઓના સંતાનો ભારત પોતાનો દેશ હોવાનો દાવો આગળ કરી સ્વતંત્ર પ્રજા હોવાનો દાવો કરી શકે નહીં.

(૩) 'હિંદૂધર્મ' જેવો એક નવો શબ્દ અસ્વિત્વમાં અને પ્રચારમાં આવ્યો છે, જેનાં ભાવિ ભયંકર પરિણામોનો ખ્યાલ આગળ ઉપર આપવામાં આવશે.

(૪) 'વૈદિક ધર્મ' શબ્દ પ્રચારમાંથી ભૂંસાતો જાય છે.

- સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

# હિંદૂ પ્રજાએ શા માટે જીવવું ?

આજે બે પ્રજાઓની સ્પર્ધા ચાલે છે. હિંદૂ પ્રજાની અને શ્વેત પ્રજાની. હિંદૂ પ્રજાનો દાવો છે કે, ''અમારા મહાસંતોએ નિઃસ્વાર્થભાવે સર્વના કલ્યાણ માટે મહાસંસ્કૃતિનું જીવન અમને શીખવ્યું છે અને આખા જગતમાં ફેલાવ્યું છે. કોઈ પણ ધર્મ માનનાર પ્રજાનું જીવન ચાર પુરુષાર્થની સંસ્કૃતિથી રહિત નથી, ભલે તેના આકાર જુદા જુદા હોય. અને એ રીતે બીજી પ્રજાઓને પણ એ ઉત્તમ જીવન શીખવાની સગવડ આપી છે.''

પાશ્ચાત્ય શ્વેત પ્રજા માને છે કે ''અમે જ જગતને આજે સીધે રસ્તે દોરવી રહ્યા છીએ, અને સુખો આપી રહ્યા છીએ. માટે અમેજ જગતની સર્વ પ્રજાઓના, તેમના દેશોના, તેમના સર્વસ્વના માલિક અને નેતા હોવા જોઈએ.'' ''જગતનું અર્થતંત્ર, સમાજતંત્ર, રાજ્યતંત્ર, ધર્મતંત્ર વગેરે અમારા જ હાથમાં રહેવું જોઈએ, અને જગતના દરેક દેશોમાં અમારા માટે જ દરેક દેશોનો ઉદય અમારા કહેવા પ્રમાણે જ થવો જોઈએ. તે પણ એવી રીતે કે સ્થાનિક પ્રજાઓ નબળી પડતી જાય. અને તે એવી રીતે નબળી પડે કે જગતને માત્ર શ્વેત રંગની પ્રજાથી જ પૂરેપૂરું શોભિતું કરવાનું નક્કી થાય ત્યારે કોઈ પણ રંગ ટકી રહેવા ન પામે તેવી સ્થિતિનું સર્જન થવું જોઈએ.''

''હિંદુસ્તાનની પ્રજા જુનવાણી પ્રજા છે, તેનું જુનવાણીપણું જવું જ જોઈએ. તેના જુનવાણીપણાથી તેને ઘણું નુકસાન થયું છે, અને તેમણે પણ અમારી પાછળ પાછળ આવવું જોઈએ, અને અમારામાં ભળી જવું જોઈએ. જેથી જગતમાં બે હરીફ પ્રજાઓ ન રહે, એક જ પ્રજા મુખ્ય રહે. માટે ભારતમાંની હિંદુ પ્રજાને જો પોતાનું વ્યક્તિત્વ અને લાંબે વખતે રંગીન પ્રજા તરીકેનું અસ્તિત્વ બિનજરૂરી લાગતું હોય તો તેણે હવે બદલાઈ જવું જોઈએ.'' શ્વેત પ્રજા આમ માને છે એટલું જ નહીં, પણ તે પ્રમાણેનું જગતને શિક્ષણ અને સમજ આપે છે.

**ખરી રીતે હિંદુ પ્રજાએ જગતની તમામ માનવજાતના ભલા માટે જીવવું જોઈએ. જગતના તમામ માનવોને જિવાડવાની સમજશક્તિ થોડી ઘણી પણ આજે તે એક જ પ્રજામાં છે. બીજી રંગીન પ્રજાઓનો સાથ મળે તો તે પ્રજા સૌ પ્રજાને જિવાડી શકે તેમ છે.**

એક તરફ શ્વેત પ્રજા છે અને બીજી તરફ સર્વ રંગીન પ્રજાઓ. આજે શ્વેત પ્રજા એવી સ્થિતિમાં છે કે તમામ રંગીન પ્રજાઓને પહોંચી વળી શકે તેવી સ્થિતિમાં તે મુકાતી જાય છે, કેમકે દરેક રંગીન પ્રજાઓના સર્વસ્વ ઉપર પોતાના માલિકી હક્ક અને સર્વોપરી અધિકારો સ્થાપિત કરી રાખ્યા જ છે, અને ક્રમે ક્રમે તેનો અમલ કરતા રહે છે. તેને પરિણામે રંગીન પ્રજાઓના પ્રત્યેક જૂથોમાં બબ્બે ભાગ પાડી નાખેલા છે. તેમાંનો દરેકનો એક ભાગ શ્વેત પ્રજાની મદદમાં ઘણી રીતે સહાયક હોય છે. તેથી શ્વેત પ્રજાનું બળ પરાકાષ્ઠાએ ઘણું પહોંચેલું છે.

**આ આધારે પોપ પોતાને જગતભરના સમગ્ર રાજ્યોના વડા અને સર્વધર્મોના વડા તરીકે માને છે અને ગર્ભિત રીતે દુનિયાના દરેક માનવો પાસેથી આડકતરી રીતે તે માન્યતામાં ન સમજાય તેવી રીતે સહકાર મેળવી લીધો છે, અથવા મનફાવતી કબૂલાતો કરાવી લીધેલી છે. તોપણ કાંઈક બહાર દેખાય તેવું મજબૂત બીજારોપણ કરવા પોપ ભારત આવ્યા હતા.** યુકેરિસ્ટિક પરિષદ તો માત્ર બહારના આકર્ષણ પૂરતી હતી તથા તેમાં હાજરી આપવા પૂરતું પોપનું આવવું વગેરે બહારના બહાનાં જ હતાં, અથવા ભારત જેવા દેશમાં આર્યપ્રજાના સમૂહ વચ્ચે પોપના આવવાના, અને આવીને પોતાની સર્વોપરિતાની તથા પોતાની સર્વોપરી સત્તાની છાપ પાડવાના કાર્યને ભવ્યતા આપવા માટે યુકેરિસ્ટિક પરિષદને બહાને ખ્રિસ્તી ધર્મના મોટા મોટા ખ્રિસ્તી ધર્મગુરુઓને હાજર રાખીને અતિમહત્ત્વના પ્રસંગનો ઉત્સવ ઊજવવાનો હતો.

**- સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ**

# પ્રજાના સર્વતોમુખી વિનાશનું મુખ્ય કારણ – પશ્ચિમનો યંત્રવાદ

સ્વદેશીની હીલચાલને કારણે, સ્વદેશીના સાચા હાર્દની સમજણ ન હોવાને કારણે, ભારતની પ્રજાની છાતી ઉપર પશ્ચિમનો યંત્રવાદ ઠોકાઈ ગયો છે, જે માઈલો જોજન દૂર હતો. જે મશીનો યૂરોપ/અમેરિકામાં ધણધણતા, તે હવે આ દેશમાં ધણધણે છે.

આ યંત્રવાદના કારણે -

૧. સમસ્ત પ્રજા યંત્રવાદની ગુલામ બની છે, પરાધીન બની છે.

૨. પશુ શક્તિ અને માનવશક્તિથી ચાલતા છ લાખ ગામડાઓનાં સ્વાશ્રયી જીવન જીવતા લાખો કારીગર-ઉદ્યોગપતિઓના ઉદ્યોગો પડી ભાંગ્યા છે. વારસામાં મળેલી તેમની કળા-કારીગીરી નાશ પામી છે.

૩. મોંઘવારી, બેકારી, ગરીબી, અસાધ્ય રોગોમાં ઝડપી વધારો, આત્મહત્યા વિગેરે વધ્યાં છે.

૪. પ્રાકૃતિક સંપદાઓનો ઝડપી વિનાશ થયો છે, તેની માલિકી સામાન્ય પ્રજાના હાથમાંથી સરકી જઈ, સરકારના વચેટિયાપણા દ્વારા, આંતરરાષ્ટ્રીય વેપારી કંપનીઓના હાથમાં સરકતી જાય છે.

૫. હિંસા અને શોષણ - વધવા પામ્યા છે.

૬. વિરાટ સંપત્તિનું સર્જન અને તેની માલિકી મુઠ્ઠીભર હાથોમાં કેન્દ્રિત થયા છે.

૭. પ્રજા કદી ભરપાઈ ન કરી શકે એટલા દેશી-વિદેશી દેવાના ભાર નીચે પ્રજા કચડાઈ રહી છે.

*(અનુસંધાન પાના નં.૮ પર)*

## વિદેશી રાજપુરુષોને ખુશ કરવાની લ્હાયમાં ભારતની સમૃદ્ધિ પાયમાલી તરફ

# સરકારે પશુપાલનનો મૃત્યુઘંટ વગાડ્યો, ગુજરાતમાં અડધા ભાવે દૂધ વેચવું પડશે!

### અત્યારે ૬૫થી ૭૦ રૂપિયામાં વેચાતા દૂધના પશુપાલકોને ૪૦-૪૫ રૂપિયા માંડ મળશે : ગામડાનું અર્થતંત્ર બેહાલ થઇ જવાની ભીતિ

૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ ભારત સરકારે અચાનક જ રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટબંધીનો નિર્ણય કર્યા બાદ તેનાથી અર્થતંત્રને થયેલી નુકસાની હવે દેખાઈ રહી છે. એ વખતે અમુક બિનઅનુભવી અર્થશાસ્ત્રીઓનો મનસ્વી તુક્કો હતો કે નોટબંધીથી કાળુ નાણું બહાર આવશે. આવું તો કંઈ ન બન્યુ, પરંતુ કાળુ નાણું ધરાવતા લોકોએ પોતાના પૈસા ધોળા કરી લીધા ! બીજી તરફ આ નિર્ણયથી ગરીબોની રોજી-રોટી છીનવાઈ છે. કંઈક આવો જ તઘલખી નિર્ણય હાલ વિદેશમાંથી દૂધની આયાત કરવાનો લેવાઈ રહ્યો છે. તેનાથી સ્વદેશી ડેરી ઉદ્યોગનો મૃત્યુઘંટ વાગી જવાની સાથે ગુજરાતના ગામડાઓનું અર્થતંત્ર અને પ્રજાનું સુખ જેના પર નિર્ભર છે, તે બધુ જ બેહાલ થઈ જશે. વિદેશી રાજપુરુષોને ખુશ કરવાની લ્હાયમાં ભારતની સમૃદ્ધિને પાયમાલી તરફ ધકેલવામાં આવી રહી છે.

ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાથી દૂધ તથા તેની બનાવટના આયાત અંગેના સરકાર દ્વારા લેવાઈ રહેલા આ નિર્ણય સામે સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં પશુપાલકોમાંથી વ્યાપક વિરોધ ઉઠ્યો છે. ત્યારે આયાતથી લાંબા ગાળે આવનારા માઠા પરિણામો અંગે ચોંકાવનારી વિગતો આપતા ડેરી ક્ષેત્રના નિષ્ણાંતો જણાવે છે કે, હાલ ગુજરાતમાં પશુપાલકોને સરેરાશ ૬૫૦થી ૭૦૦ રૂપિયા પ્રતિકિલો ફેટના ચુકવવામાં આવી રહ્યા છે. આ હિસાબ મુજબ એક લિટર દૂધના પશુપાલકોને ૬૫ થી ૭૦ રૂપિયા ઉપજે છે. આમ છતાં પણ દસેક ટકાને બાદ કરતા ૯૦ ટકા પશુપાલકોની આર્થિક સ્થિતિ સામાન્ય છે. પશુઓના નિભાવ ઉપરાંત પરિવારના બે છેડા માંડ ભેગા કરે છે. ગુજરાતમાં ૧૮,૫૫૯ જેટલી મંડળીઓ મારફત આશરે ૩૬ લાખ જેટલા દૂધ ઉત્પાદકો રોજગારી મેળવી રહ્યા છે. આ તમામની રોજગારી પર માઠી અસર પડશે.

વિદેશમાં ડેરી પ્રોડક્ટનો વધારાનો સ્ટોક પડ્યો છે. માટે એ લોકોને કોઈપણ ભોગે પોતાની પ્રોડક્ટ અને દૂધ આંતરરાષ્ટ્રીય બજારમાં વેચવા છે. વિશ્વમાં ભારતથી મોટું કોઈ બજાર નથી. માટે ભારત પર તેનું લક્ષ્યાંક સધાયું છે. વિદેશથી દૂધ અને તેની પ્રોડક્ટની આયાત થવા માંડે તો

### ભારતમાં અને વિદેશમાં દૂધ ઉત્પાદનો તફાવત

**ભારત**

- દૂધ ઉત્પાદન રોજગારીનું માધ્યમ છે.
- સરકાર દ્વારા કોઈ સહાય કે સહયોગ નથી.
- પુરતા ખોરાકનો અભાવ, દેશી પદ્ધતિથી પશુપાલન.
- ટાંચા સાધનોના કારણે ઉત્પાદનની પડતર ખુબ ઊંચી આવે છે.
- ગૌવંશ સાથે સંસ્કૃતિ અને ધર્મ વણાયેલો છે.

**વિદેશ**

- દૂધ ઉત્પાદન વ્યાપારી ધોરણે થાય છે.
- દૂધ એકત્ર કરવાથી માંડી તમામ સ્તરે ટેકનોલોજીનો ઉપયોગ.
- મોટા ચરીયાણ છે, પશુપાલન માટે અદ્યતન વ્યવસ્થા.
- પડતર કિંમત ઓછી થાય છે, પરંતુ વેચાણ માટે માર્કેટ નથી.
- ગૌવંશને દૂધ ઉત્પાદનના કારખાના તરીકે જોવાય છે.

ગુજરાત અને ભારતમાં ખુબ સસ્તા ભાવે દૂધ મળવા માંડશે. જેનાથી સ્થાનિક પશુપાલકો દ્વારા ઉત્પાદન કરાતા દૂધના ભાવ પણ ફરજિયાત ઓછા થઈ જશે. એક અંદાજ આ ભાવ ઘટીને પ્રતિલિટર ૪૦-૪૫ જેટલા નીચા કે તેનાથી પણ ઓછા થઈ શકે છે ! આટલા ભાવમાં ભારતીય પશુપાલકોને દૂધ ઉત્પાદન કરવું કોઈ સંજોગોમાં પોષાય તેમ નથી.

તેનું ઉદાહરણ જોઈએ તો ભારતમાં ચાઈનાની ઇલેકટ્રોનિક્સ વસ્તુઓ આવ્યા બાદ તેની કિંમત અને સ્થિતિનો બધાને ખ્યાલ જ છે. એક સમયે ભારતીય ઉત્પાદકોને જે વસ્તુના ૫૦ રૂપિયા મળતા હતા તેવી ચાઈનાની વસ્તુઓ આજ પાંચ રૂપિયામાં બજારમાં વેચાઈ રહી છે. સ્થાનિક ગૃહ ઉદ્યોગ અને નાના એકમો તેના લીધે સાવ પડી ભાંગ્યા છે. ત્યારે વિદેશમાંથી દૂધની આયાત રોકવામાં નહીં આવે તો પશુપાલન ક્ષેત્રમાં પણ આવી જ હાલત થશે. તથા પશુપાલકો અને ગામડા પાયમાલ થવાની બહુ મોટી કિંમત ચુકવવાનો વારો આવશે.

(સાભાર : ગુજરાત સમાચાર, તા.૧૫-૧૦-૨૦૧૯)

# જશ્ન અને નર્મદા ઘાટી પુનર્વસન પ્રશ્ન

(‘રહને દો હમેં જીને દો, માઁ નર્મદા કો બહને દો’. ગુજરાત જ્યારે સરસ ચોમાસાને કારણે જશ્નના મિજાજમાં હતું. ત્યારે મધ્યપ્રદેશમાં જીવન-મરણનો પ્રશ્ન હતો. નર્મદા ઘાટીનાં દોઢસોથી વધુ ગામો બંધમાંનાં પાણીની સપાટી વધારવામાં આવી હોવાને કારણે ડૂબી રહ્યાં હતાં. આમાં સરકારોની બેરહેમી હતી. તેને કારણે નર્મદા ઘાટીના મધ્યપ્રદેશના હિસ્સામાં જુલાઈ-ઑગસ્ટ - સપ્ટેમ્બરમાં જે જીવનનાશ થયો તેનો, પહેલાંનાં વર્ષોની પાર્શ્વભૂમિ સાથેનો ચિતાર, નર્મદા બચાઓ આંદોલન સહિત અનેક લોકઆંદોલનોના બાહોશ આગેવાન સુનીતિ સુ. ર. પાસેથી સાને ગુરુજીએ સ્થાપેલા મરાઠી વિચારપત્ર ‘સાપ્તાહિક સાધના’ના પાંચમી ઑક્ટોબરના અંકમાં મળે છે.)

‘નર્મદાનાં પાણી ચઢી રહ્યાં છે અને ડૂબાણ થવામાં છે’ એવા સમાચાર ઑગસ્ટ મહિનામાં આવવા લાગ્યા ત્યારથી જ ઉચાટ અને અજંપો થવા લાગ્યો હતો. હમણાં જ કૃષ્ણા નદીની ઘાટીમાં, સાંગલી-કોલ્હાપુર વિસ્તારમાં આવેલા જળપ્રલય અને તેણે મચાવેલો હાહાકાર અનુભવ્યો હતો. સાંગલી-કોલ્હાપુરનું પૂર જેટલું અતિવૃષ્ટિને કારણે આવ્યું હતું એટલું જ તે અતિવૃષ્ટિ બાબતે બેફિકર રહેલાં સરકારી તંત્રના દોંગાઈભર્યા વહીવટનું પરિણામ પણ હતું. કૃષ્ણા નદીની ઘાટીના બંધ ભરવા માટેના સંકલિત સમયપત્રકના આયોજનથી માંડીને પૂર આવે ત્યારે કરવાના આપત્તિનિવારણ માટેની તૈયારી સુધી તમામ બાબતોને અભાવે પૂરની ગંભીરતા અને તેના નુકસાનનું પ્રમાણ અતિશય વધી ગયાં. આવી પાર્શ્વભૂમિ પર, મહારાષ્ટ્રની ઉત્તર સરહદ પરની નર્મદામાં પણ કંઈક આ જ પરિસ્થિતિ ઊભી થઈ છે. પણ તેને ‘નર્મદા બચાઓ આંદોલન’ની લાંબા ગાળાની લડત સાથે પરિચિત હોય તેવા મહારાષ્ટ્રે પણ કંઈક નજરઅંદાજ કરી છે, અને આંદોલનના મહારાષ્ટ્રમાંના સાથીઓએ પણ!

નર્મદા ઘાટીમાં તો જોકે સંભવિત ડૂબાણ અંગેનો અજંપો અને એનો સામનો કરવાની તૈયારી બંને બાબતો હતી. પણ સામનો કરવો એટલે શું? આ આપત્તિનું સ્વરૂપ એવું ન હતું કે જેમાં પૂર થોડો સમય આવે અને એટલા સમય પૂરતી જાન-માલની હાનિ ટાળવાની કોશિશ કરવામાં આવે. અહીં તો એવું હતું કે પુનર્વસનના ખોટા આંકડાને આધારે ખુદ અદાલતને ગેરમાર્ગે દોરીને બંધ પૂરો કરવા અને તેમાં પાણી ય ભરવા માટેનો આદેશ મેળવનાર સરકારની પોતાના જ નાગરિકો તરફની જડતા અને નિર્મમતાનો સામનો આફતગ્રસ્તોએ કરવાનો હતો.

સર્વોચ્ચ અદાલતે ૮ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ મધ્યપ્રદેશ સરકારને આદેશ આપ્યો હતો કે ‘૩૧ જુલાઈ ૨૦૧૭ સુધીમાં બધા અસરગ્રસ્તોનું પુનર્વસન પૂરું કરો અને પાણી ભરો’. અદાલતે આ આદેશ એ વખતની મધ્યપ્રદેશ સરકારે આપેલ તદ્દન જૂઠા ‘ઝીરો બેલેન્સ’ સોગંદનામાને આધારે આપ્યો હતો. ‘ઝીરો બૅલેન્સ’ એટલે બધાં અસરગ્રસ્તોનું પુનર્વસન થઈ ચૂક્યું છે અને હવે કોઈ બાકી નથી. આંદોલનના વકીલોએ સોગંદનામાં સામે દલીલ કરી. પણ અદાલતે તો જેમને જમીન ન મળી હોય તેવા બાકીના અસરગ્રસ્તોને જમીનને બદલે ૬૦ લાખ રૂપિયા નુકસાન ભરપાઈ તરીકે આપીને પુનર્વસન પૂરું કરીને બંધમાં પાણી ભરવાનો આદેશ આપ્યો. આ આદેશ આવ્યો ત્યારથી જ આંદોલનને તેની અસંભાવ્યતાની પૂરેપૂરી જાણ હતી, અને એટલે ૨૦૧૭ના ચોમાસામાં પણ મોટો સંઘર્ષ ઊભો થયો.

એ વખતે ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન ચારેય રાજ્યોમાં ભારતીય જનતા પક્ષ (ભાજપ)ની સરકાર હતી. તેણે શું કર્યું? ઘાટીના સત્યાગ્રહીઓએ ઉપવાસનું અંતિમ હથિયાર ઉગામ્યું હતું, પણ ત્યાંની સરકારે ધરાર ધરાર ધ્યાન ન આપ્યું. સંવાદને બદલે બળનો ઉપયોગ કરીને ઉપવાસીઓની ધરપકડ કરી. સર્વોચ્ચ અદાલતે આદેશ તો એમ આપ્યો હતો કે ‘બધાનું પુનર્વસન કરીને જુલાઈએ પાણી ભરો’. સરકાર સર્વોચ્ચ અદાલતે આપેલા પૂર્વાર્ધને નજરઅંદાજ કરીને ‘૩૧ જુલાઈએ પાણી ભરો’ એવા તેના ઉત્તરાર્ધનો અમલ કરવાની તૈયારીમાં લાગી. તેમાં ચાર રાજ્યોની સરકારો અને કેન્દ્ર સરકાર સામેલ હતી. નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી આ જ સરકારોના પ્રતિનિધિઓના અંકુશ હેઠળ હતી. એટલે આંદોલન થકી થઈ રહેલા વિરોધને ગાંઠ્યા વિના ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ એટલે કે વડાપ્રધાન મોદીના જન્મદિવસે બંધનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. મોદીએ જેને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યો હતો તે બંધના ઉદ્‌ઘાટનમાં બંધ સાથે સંકળાયેલાં અન્ય ત્રણ રાજ્યોના મંત્રીઓ હાજર ન રહ્યા. સરકારે બંધને ૧૩૮.૬૮ મીટર સુધી પૂરો ભરવાની હિંમત એ વખતે તો ન કરી, પણ ગુજરાતના ૧૧૦૦ અસરગ્રસ્તોની ધરપકડ કરી અને ઉદ્‌ઘાટનનો જશ્ન પાર પાડ્યો. આ છે, ૨૦૧૭ની સાલની વાત.

૨૦૧૮નું વર્ષ વીત્યું. ફરી એક વાર ચોમાસું. ફરીથી ડૂબાણનું સંકટ, બાકીના અસરગ્રસ્તોના પુનર્વસનની ફરીથી એક વખત માગણી. એના માટે ધરણાં-દેખાવ, સવાલ-જવાબ. હવે મધ્યપ્રદેશમાં કૉંગ્રેસ સરકાર હતી. જોકે સરકાર બદલાય તો ય વહીવટી તંત્ર એ જ હોય છે, એ પોતાની ગતિએ ચાલતું રહે છે. ફેર એટલો જ પડ્યો કે ગયાં પંદર વર્ષમાં મધ્યપ્રદેશની ભાજપ સરકારે આંદોલનને અને નર્મદા ઘાટીમાં વસતા તેના પોતાના નાગરિકોને મચક આપી ન હતી, એમની કોઈ દરકાર પણ કરી ન હતી. એટલું જ નહીં, ઊલટું, મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરીને અને સર્વોચ્ચ અદાલતમાં જૂઠાં સોગંદનામાં કરીને લોકો સાથે છેતરપિંડી જ કરી હતી. એ સ્થિતિ હવે કંઈક અંશે બદલાઈ હતી. અત્યારની કૉંગ્રેસ સરકાર કંઈ નહીં તો ય સંવાદ માટે તૈયાર હતી. પોતાની જવાબદારી માન્ય રાખતી હતી, અને ભલેને પોતાની ગતિએ પણ પ્રતિસાદ આપતી હતી. વળી, ૨૦૧૮માં વરસાદ ઓછો રહ્યો

અને બંધ ભરાયો નહીં, અને પરિણામે ખાસ ડૂબાણ થયું નહીં, અને નર્મદા ઘાટીને ભલે એક વર્ષ માટે, પણ જીવતદાન મળ્યું.

પણ આ એક વર્ષમાં પુનર્વસનનું બાકી રહેલું કામ પૂરું કરવું એ મધ્યપ્રદેશની જવાબદારી હતી. પુનર્વસનમાં આ મુજબની બાબતો કરવાની હતી : જે અસરગ્રસ્તોને જમીનના બદલામાં જેના - તેના અધિકાર મુજબ રૂપિયા ૬૦ લાખ, ૧૫ લાખ કે ૫.૮૦ લાખ મળવાપાત્ર હોય એમને એ નુકસાન ભરપાઈ તરીકે આપી દેવા, પુનર્વસનનાં સ્થળો પર શહેરી સુવિધાઓ સહિત વૈકલ્પિક ગામ ઊભાં કરવાં, ઘર માટેના પ્લોટની વહેંચણી કરવી, અસરગ્રસ્તોને ઘર બાંધવા માટે પૂરતો સમય આપીને તેમનાં ઘર બંધાય તે જોવું. ઓછામાં ઓછું આટલું તો કરવાનું હતું. પણ પુનર્વસન માટે તૈયાર કરેલી સાઈટ્સ પર શું છે ? અનેક જગ્યાએ પીવા માટેનું પાણી જ નથી, તો અનેક જગ્યાએ ગૌચર નથી, નથી ગટર કે નથી સ્મશાન; અને હવે તો પુનર્વસન માટેની કેટલીક જગ્યાઓ પણ ડૂબાણમાં ગઈ છે. છેક અત્યારે ય મધ્યપ્રદેશ સરકારે રહેણાકના પ્લૉટ નહીં મેળવી શકેલા અસરગ્રસ્તો માટે હંગામી ગોઠવણ તરીકે ૧૨X૧૨ ફૂટની પતરાંનાં શેડસ્ (છાપરાં) ઊભાં કર્યાં છે. નિમાડમાં સમૃદ્ધ ખેતી, પશુધન જેવી સંપન્નતા ધરાવતા ખેડૂતો આ ૧૨X૧૨ ફૂટમાં કેવી રીતે રહેવાના ? એક વાર આ રીતે તેમને ખદેડી દેવામાં આવે એટલે બાકી બધું રામ-ભરોસે, એવો અનુભવ તો સાર્વત્રિક છે. એટલે જાજરુ-બાથરૂમની સગવડ પણ ન હોય તેવાં પતરાનાં છાપરાંમાં જવાનો ખેડૂતો ઇન્કાર કરે તે બહુ સ્વાભાવિક જ હતું. આવા, એટલે કે જેમને નુકસાન ભરપાઈ અને/ અથવા રહેણાંક પ્લોટ ન મળ્યા હોય એવા આશરે ૩૨ હજાર પરિવારો ઘાટીમાં હતા એવો આંદોલનનો અંદાજ છે. તેમાંથી મોટા ભાગના પરિવારો મધ્યપ્રદેશનાં ૧૭૮ ગામોના, તો કેટલાક મહારાષ્ટ્રના આદિવાસી વિસ્તારોના મળીને લગભગ દોઢ લાખ લોકો હતા. આવી હાલતમાં આ વર્ષનું ચોમાસું સામે આવ્યું.

દરમિયાન કેટલીક એવી પણ બાબતો સામે આવી કે જેની રજૂઆત આંદોલન છેલ્લાં પાંત્રીસ વર્ષથી આધાર-પુરાવા સાથે કરતું રહ્યું છે. જેમ કે, પ્રચંડ મોટો પ્રવાહ ધરાવનાર, અનેક પેટા નદીઓ જેમાં મળે છે તેવી, બારે માસ વહેનારી નર્મદા નદી ચોમાસા બાદ ઠેકઠેકાણે સુકાઈ ગઈ; એટલી બધી સુકાઈ ગઈ કે એ પગપાળા ઓળંગી શકાય. બીજી તરફ, અતિશય વેગથી અને સેંકડો મુખેથી સમુદ્રને મળનારી નર્મદાને સરદાર સરોવરને કારણે રોકી લેવામાં આવી એટલે એના માર્ગે સમુદ્ર જ અંદર ઘૂસવાની પ્રક્રિયા શરૂ થઈ. સમુદ્ર અંદર ઘૂસ્યો તો થોડો-અમસ્તો નહીં, પણ ખાસ્સો ૭૦-૮૦ કિલોમીટર જેટલો. નર્મદા જ્યાં સમુદ્રને મળે છે ત્યાં કેવળ કીચડ જ બચ્યો. સમુદ્ર અંદર આવવાને કારણે આખીય જમીન એની અંદરનાં પાણી સહિત ખારી થઈ ગઈ. પરિણામે દરિયાકાંઠાના માછીમારો, ખેડૂતો માટે રોજગાર ગુમાવવાની નોબત આવી. સરદાર સરોવરને કારણે થનારું વિસ્થાપન અંદાજે અઢી લાખ માનવામાં આવે તો આ નવી આપત્તિને કારણે થનાર વિસ્થાપનનો આંકડો ૭-૮ લાખ પર પહોંચી શકે. ત્રીજી તરફ કૅનાલ પૂરી ન થઈ હોવાને કારણે પાણી અછતવાળા વિસ્તારોમાં જવાને બદલે અદાણી, અંબાણી, ટાટા, કોકા કોલા જેવી કોર્પોરેટ્સ કંપનીઓ તરફ જવા લાગ્યું. જળાશયનું માંડ ૨૦ થી ૨૫ ટકા પાણી જ ગુજરાત સરકાર પ્રત્યક્ષ રીતે વાપરી રહી છે; તેણે જે દસ હજાર ગામોમાં પીવાનું પાણી પહોંચાડવાનો દાવો કર્યો હતો ત્યાં સુધી પાણી પહોંચતું જ નથી; વીજળીનું ઠેકાણું તો ક્યાંથી હોય ! આ મુદ્દો પણ આંદોલને લાંબા સમયથી ઊભો રાખ્યો છે. ચોથી બાજુ, સરદાર પટેલનું મહત્ત્વાકાંક્ષી પૂતળું અને તેની આસપાસના પ્રવાસન માટે ખાસ્સાં ૭૨ આદિવાસી ગામોનો ભોગ લેવાનું જોગવાયું. આ બધાં વાસ્તવ સાથે આ વર્ષનું ચોમાસું સામે આવ્યું હતું.

આ બધા મુદ્દા અને પર્યાવરણને લગતા અન્ય મુદ્દાની રજૂઆતો આંદોલન દ્વારા લાંબા સમયથી થતી રહી છે. પણ ચોમાસું સામે આવે એટલે એક જ મુદ્દો રહે છે, તે ડૂબાણ અટકાવવાનો અને ડૂબાણમાં જતું જનજીવન બચાવવાનો. આ ચોમાસે પણ આંદોલને આ જ કર્યું. એના ભાગ રૂપે ૩૧ જુલાઈએ નર્મદા ઘાટીના હજારો લોકો અને દેશભરના સાથીઓએ ભેગા થઈને ગુજરાત સરકાર અને કેન્દ્રને ૧૩૯ મીટર સુધી પાણી ભરવાનો હઠાગ્રહ છોડવાની હાકલ કરી. તે સાથે પુનર્વસન થયા વિના અમે હલવાના નથી એવો નિર્ધાર પણ વ્યક્ત કર્યો. આ ચળવળમાં મધ્ય પ્રદેશમાંથી નર્મદા ઉપરાંત બર્ગી, મહેશ્વર, ઓંકારેશ્વર, જોબટ જેવી નર્મદાની પેટા નદીઓ પરના બંધોના અસરગ્રસ્તો પણ સામેલ થયા. સૌરાષ્ટ્રમાંથી આવેલા ગુજરાતના પૂર્વ પર્યાવરણમંત્રી પ્રવીણસિંહ જાડેજાએ કચ્છ અને સૌરાષ્ટ્રના નામે બંધાયેલા સરદાર સરોવર અંગે નર્મદા બચાઓ આંદોલને ઉઠાવેલો દરેક સવાલ આજે સાચો સાબિત થયો છે, એમ કહીને ગુજરાત વતી આંદોલનની માફી માગી. આ વખતે, પુનર્વસન વિના અન્યાયપૂર્ણ રીતે થવા દેવામાં આવેલા ડૂબાણના વિરોધમાં અહિંસક માર્ગે લડત માટેનું રણશિંગું ફૂંકવામાં આવ્યું.

બીજી બાજુ ગુજરાત સરકાર બંધમાં પાણી ભરવા પર અડી ગઈ હતી. બંધને ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ૧૩૭.૭૨ મીટર અને ૧૫ ઑક્ટોબર સુધીમાં પૂરેપૂરો ભરવાનું સમયપત્રક હતું. એનો અર્થ એ જ કે આ વર્ષે બંધ પૂરેપૂરો ભરવાનું તેમનું આયોજન હતું. મધ્યપ્રદેશ સરકારે ૭૬ ગામોનાં છ હજાર પરિવારો પુનર્વસન વિના ડૂબાણમાં હોવાનું નિવેદન આપ્યું હતું (તેમણે પછીથી માન્ય રાખેલો ખરો આંકડો તો ૧૭૮ ગામોનાં ૩૨ હજાર પરિવારોનો હતો !) તેને બિલકુલ ધ્યાનમાં લીધા વિના બંધના દરવાજા બંધ કરવામાં આવ્યા. પાણી ચઢતું ચઢતું ૧૩૩ મીટર સુધી પહોંચ્યું અને ચિખલદા, નિરસપુર, અવલદા, ભાદલ, જાંગરવા ગામો ડૂબ્યાં. કડમાળ, ખાપરખેડા, એકલબારા, કરોંદિયા ગામો સાથેનો સંપર્ક તૂટી ગયો. ખોટા બૅકવોટર લેવલને કારણે જે ગામો ડૂબાણક્ષેત્રની બહાર હોવાનું બતાવવામાં આવ્યાં હતાં તે ગામોમાં પણ ડૂબાણ

*(અનુસંધાન પાના નં.૮ પર)*

# રાસાયણિક ખાતર : મોતનો વરસાદ

આપણે ભારતવાસીઓ ભારતને ખેતીપ્રધાન દેશ ગણાવીએ છીએ, પરંતુ એવું ગૌરવ અનુભવવાનું ત્યારે જ સાર્થક બને જ્યારે ભારત દેશ વિશ્વમાં સહુથી સમૃદ્ધ ખેતી કરતો હોય અને વિશ્વમાં સહુથી સ્વાદિષ્ટ તેમ જ સ્વાસ્થ્ય વધારનાર પૌષ્ટિક અનાજ પેદા કરતો હોય.

સમૃદ્ધ ખેતી કરવા માટે પાયાના આવશ્યક સાધનો આપણી પાસે છે, પરંતુ આપણે તેની ઉપેક્ષા કરીને ખેતીને અને ખેતી પાછળ રહેલી ઉચ્ચ ભાવનાને અધમ કક્ષાની બનાવી દીધી છે.

**સમૃદ્ધ ખેતી માટે પાયાનાં આવશ્યક સાધનો**

૧. જમીનની સારી જાત અર્થાત્ ફળદ્રુપ જમીન.

૨. જમીનનું યોગ્ય ખેડાણ, જેમાં જમીનને ત્રણ વખત ખેડવાનો સમાવેશ થાય છે. ટ્રેક્ટર કરતાં હળથી જમીનનું ખેડાણ કરવું વધુ હિતાવહ છે, કારણકે ટ્રેક્ટર વડે ખેતી કરવાથી પાકનો ઉત્પાદન ખર્ચ વધે છે અને જ્યાં સુધી ૧૨૫ મિલિમીટર વરસાદ એકસાથે ન પડે ત્યાં સુધી વાવેતર થઈ શકતું નથી. જ્યારે હળ વડે ખેડાણ થયું હોય તો ૨૫થી ૫૦ મિલિમીટર વરસાદ પડે તોપણ વાવણી થઈ શકે અને ઉત્પાદન ખર્ચ ઘણો જ ઓછો આવે.

૩. પૂરતું છાણિયું ખાતર : એકર દીઠ જમીનમાં ૧૦ ગાડાં છાણિયું ખાતર નાખવું.

૪. સારું દેશી બિયારણ શંકર બિયારણ નાખવાથી ઉત્પાદન વધારે મળે, પરંતુ ઉત્પાદન ખર્ચ વધવાથી સરવાળે અને લાંબે ગાળે નુકસાન જ થાય. વળી, તેની કડબ-સાઠા પશુઓના ખાવામાં ન આવે. જેથી વધારે મેળવેલા પાકની વધારાની આવક પશુઓ માટે ચારો ખરીદવામાં ખરચાઈ જાય. વળી, શંકર બિયારણ વડે ઉગાડાયેલા અનાજમાં રોગનો પ્રતિકાર કરવાની શક્તિ હોતી નથી તેથી પ્રજામાં માંદગી ફેલાતી જાય અને લોકો ફાર્મસી ઉદ્યોગના શોષણનો શિકાર બને.

શુદ્ધ દેશી બિયારણના અનાજના રોટલા કે રોટલી ઘણા લાંબા સમય સુધી સારાં રહી શકે છે, જ્યારે શંકર બિયારણના અનાજમાંથી સવારે બનાવેલા રોટલા સાંજના જ બગડવા માંડે છે. એટલે દેશમાં રાંધેલા અનાજનો બગાડો વધારે થાય છે. સરવાળે શંકર બિયારણના વપરાશથી પ્રજાને અને ખેડૂતને બન્નેને ફાયદા કરતાં નુકસાન વધુ થાય છે.

૫. અમુક ચોક્કસ સમયના અંતરે પાકને ખપપૂરતું પાણી આપવું. એ પાણી કૂવામાંથી બળદથી ખેંચાતા કોશ વડે પાવામાં આવે તો પાણીનો ઓછો વપરાશ થાય, જેથી પાણીના વધુપડતા વપરાશથી જમીન બગડતી અટકે.

૬. ખેડૂતની સૂઝ : ખેતર ખેડવામાં, ખાતર પાથરવામાં, વાવણી કરવામાં, પાણી સિંચવામાં, નકામા રોપાઓની નીંદામણમાં વગેરે દરેક કામની સૂઝ ખેડૂતને વધારે, તેમ તેનો પાક સારો ઊતરે.

**સિંચાઈની યોજનાઓ ખેતી માટે કે ઉદ્યોગો માટે ?**

ઉપર લખેલી છ બાબતો સમૃદ્ધ ખેતીના પાયાના ઉપાયો છે. પરંતુ ભારત સરકારના કૃષિ ખાતાએ છ બાબતોમાંથી માત્ર પાકને પાણી પૂરું પાડવાની બાબતને જ મહત્ત્વની ગણી અને દેશને અન્ન ક્ષેત્રે સ્વાવલંબી બનાવવા કરોડો રૂપિયા ખર્ચીને સિંચાઈ યોજનાઓ બનાવવાના કાર્યક્રમને અમલમાં મૂકયો. વળી, સિંચાઈ યોજનાઓ પણ દ્વિલક્ષી બનાવી. એટલે કે એ યોજનામાં જે બંધો બંધાય તેમાંથી ઉદ્યોગો માટે વીજળી પેદા કરવી અને ખેતીની સિંચાઈ માટે નહેરો કાઢવી. આમ, સિંચાઈની યોજના ખેતી માટે હોવાનો દાવો કરીને તેની સાથે ઉદ્યોગોનું હિત જોડી દીધું. આ પ્રમાણે ઉદ્યોગોનું હિત પહેલું સાધવા ખેતીની પ્રથમ ચાર જરૂરિયાતોની ઉપેક્ષા કરીને સિંચાઈ યોજનાઓને મહત્ત્વ અપાયું. પરિણામે ઉદ્યોગોને વીજળી મળી, પરંતુ અન્ન સ્વાવલંબનની વાતો હવામાં જ રહી.

**રાસાયણિક ખાતરોનો પ્રવેશ**

ત્રીજી પંચવર્ષીય યોજનામાં ફરીથી એવો નિર્ધાર જાહેર કરવામાં આવ્યો કે અન્ન સ્વાવલંબન સિદ્ધ કરીને જ જંપશું. આ ધ્યેય સિદ્ધ કરવા આ યોજનામાં રાસાયણિક ખાતર (Fertilizer) આયાત કરવાનું અને અહીં તેનાં મોટાં કારખાનાં નાંખવાનું નક્કી કરવામાં આવ્યું. આવો નિર્ણય કરીને ત્રીજી પંચવર્ષીય યોજનામાં પણ ઉદ્યોગોના હિતને ખેતીની સાથે સાંકળી લઈને ખેડૂત અને ખેતીને ફર્ટિલાઇઝરના ઉદ્યોગના ઓશિંગણ બનાવી દીધા.

પોતાના આ અવાસ્તવિક કાર્યને વાજબી ઠરાવવા લોકોનું માનસ ફર્ટિલાઇઝર તરફી બનાવવા વિશાળ પાયા ઉપર ફર્ટિલાઇઝરની ઉપયોગિતા અને આવશ્યકતાનો જોરદાર પ્રચાર શરૂ કરવામાં આવ્યો. જે દેશો ફર્ટિલાઇઝર વાપરે છે તેઓ ફર્ટિલાઇઝરના કારણે મબલખ પાક મેળવે છે તેવી કપોળકલ્પિત વાતો દેશનાં અગ્રગણ્ય વર્તમાનપત્રોમાં પ્રગટ થવા લાગી. જાહેર સભાઓના મંચ પરથી રાજદ્વારી નેતાઓ ફર્ટિલાઈઝરના ગુણગાનથી સભાઓ ગજાવવા લાગ્યા. વર્તમાનપત્રો વારંવાર ફર્ટિલાઇઝર વાપરતા દેશો એકર દીઠ કેટલું ફર્ટિલાઇઝર વાપરે છે અને એકર દીઠ કેટલો પાક મેળવે છે તેના આંકડા પ્રસિદ્ધ કરીને આપણી ખેતીના આંકડા સાથે તે દેશોના આંકડાની સરખામણી કરીને આપણા દેશની ખેતીનું નિરાશાજનક ચિત્ર રજૂ કરવા લાગ્યા. જેથી ફર્ટિલાઇઝરની આયાત પાછળ જે અબજો રૂપિયા દર વરસે ખરચવામાં આવતા તેને વાજબી ઠરાવી શકાય.

### વિકૃત પ્રચાર

આપણા નેતાઓએ અને વર્તમાનપત્રોએ એવું વાતાવરણ પેદા કરી દીધું કે જાણે બળદથી ખેંચાતાં હળ વડે ખેતી કરવી શરમજનક અને પછાતપણાની નિશાની હોય. પશ્ચિમના દેશોએ ફર્ટિલાઇઝરનો ઉપયોગ કરીને ભારે ફાયદો ઉઠાવ્યો છે એવી બુમરાણ મચાવવામાં આવી. આપણાં વર્તમાનપત્રોમાં વારંવાર પશ્ચિમી રાજ્યોના હેક્ટર દીઠ ફર્ટિલાઇઝરના ઉપયોગ અને એકર દીઠ અનાજના ઉત્પન્નના આંકડા પ્રસિદ્ધ થતા હતા. તેમાંના થોડાક આંકડા નીચે આપ્યા છે. એ આંકડાનો જો અભ્યાસ કરીએ તો જણાશે કે ફર્ટિલાઇઝરનો ઉપયોગ કરવાથી પાક વધુ મળે છે એ દાવો નાપાયાદાર છે પરંતુ જમીન અને આબોહવા મુજબ તે દેશો વધુ કે ઓછો પાક મેળવે છે.

| **દેશનું નામ** | **હેક્ટર દીઠ ફર્ટિલાઇઝરનો વપરાશ** | | **એકર દીઠ પાકનો ઉતાર** | |
|---|---|---|---|---|
| ભારત | ૪ | કિલો | ૩૭૨ | કિલો |
| કૅનેડા | ૮.૬ | ,, | ૩૮૦ | ,, |
| રશિયા | ૧૦.૫ | ,, | ૪૩૬ | ,, |
| ઑસ્ટ્રેલિયા | ૨૨.૧ | ,, | ૪૩૬ | ,, |
| યુએસએ | ૩૯.૬ | ,, | ૧૦૦૮ | ,, |
| ઇટાલી | ૫૫.૫ | ,, | ૮૭૫ | ,, |
| સ્વિડન | ૮૩.૦ | ,, | ૧૦૬૮ | ,, |
| ઝેકોસ્લોવેકિયા | ૯૧.૬ | ,, | ૯૨૪ | ,, |
| ફ્રાન્સ | ૧૦૮.૫ | ,, | ૯૧૬ | ,, |
| ડેન્માર્ક | ૧૫૧.૭ | ,, | ૧૩૮૮ | ,, |
| નોર્વે | ૧૭૨.૪ | ,, | ૧૧૧૨ | ,, |
| બ્રિટન | ૧૯૦.૭ | ,, | ૧૨૭૨ | ,, |
| પશ્ચિમ જર્મની | ૨૯૪.૪ | ,, | ૧૦૩૨ | ,, |
| જાપાન | ૨૭૦.૨ | ,, | ૧૬૩૨ | ,, |
| બેલ્જિયમ | ૩૭૨.૦ | ,, | ૧૩૪૦ | ,, |
| નેધરલૅન્ડ (હોલૅન્ડ) | ૫૪૭.૦ | ,, | ૧૩૬૮ | ,, |

આ આંકડામાં ભારતનું ઉત્પાદન સહુથી ઓછું દેખાડવામાં આવ્યું છે, પરંતુ કૅનેડાનો ફર્ટિલાઇઝરનો વપરાશ ભારત કરતાં બમણો હોવા છતાં તે ભારત કરતાં એકર દીઠ માત્ર આઠ જ કિલો અનાજ વધારે મેળવે છે.

પર્યાવરણ વિષયના અગ્રણી સામયિક ''ડાઉન ટુ અર્થ''ના ૧૫-૨-'૯૭ના અંકમાં છપાયેલ એક રિપોર્ટ અનુસાર રાસાયણિક ખાતરના સહુથી વધુ વપરાશકાર દેશ નેધરલૅન્ડે રાસાયણિક ખાતરને અલવિદા કહી. હવે સંપૂર્ણપણે પ્રાકૃતિક કે છાણિયાં ખેતર આધારિત ખેતી અપનાવી છે.

### ભારતનો ખેડૂત વધારે શાણો છે

હવે આ આંકડામાં સહુથી પ્રથમ એ વાત સમજવાની છે કે ભારતનો ખેડૂત હંમેશાં મિશ્ર ખેતી કરે છે. એટલે કે તેણે ખેતરમાં ધારો કે જુવાર અથવા બાજરો વાવ્યો હોય ત્યારે કહેવાય કે તેણે જુવાર અથવા બાજરો વાવ્યો છે, પણ હકીકતમાં તેમ નથી હોતું. જુવાર અથવા બાજરાની સાથે મગ, અડદ, તલ જેવા પાક પણ વાવે છે. એક હાર જુવાર બાજરાની હોય, તો બીજી હાર કઠોળની હોય. આમ, એક એકરમાં ૨/૩ એકરમાં જુવાર - બાજરો હોય તો ૧/૩ એકરમાં બીજા પાક હોય છે, પરંતુ જુવાર-બાજરાનો ૨/૩ એકરમાં ઊતરેલો પાક એક એકરનો ગણાય જાય. એટલે આપણા આંકડા કંગાળ દેખાય. જ્યારે પશ્ચિમના દેશોની રીત આખા એકરમાં એક જ જાતનું અનાજ વાવવાની હોવાથી તેમના એક આખા એકરમાં ઉત્પન્ન થયેલા અનાજનો આંકડો આપણા ૨/૩ એકરમાં ઊગેલા અનાજ કરતાં મોટો લાગે તેમાં આશ્ચર્ય શું છે.

આપણો ખેડૂત મિશ્ર ખેતી કરે છે, કારણકે પશ્ચિમના ખેડૂત કરતાં તે વધારે શાણો અને વધારે અનુભવી છે. તે જાણતો હોય છે કે જો ખેતરમાં જીવાત પડે તો એક જાતના અનાજ ઉપર લાગેલી જીવાત બીજી જાતના અનાજને લાગતી નથી એટલે એક અનાજ તો બચી જ જાય. દા.ત. ખેતરમાં બાજરો અને મગ ઉગાડ્યા હોય અને મગ અથવા બાજરાને જીવાત લાગે તો જેને જીવાત ન લાગી હોય તે અનાજ બચી જાય, જ્યારે મિશ્ર ખેતી ન હોય તો તમામ પાક નાશ પામે.

### નીચેના પ્રશ્નોના જવાબો ક્યાં છે?

હવે દલીલની ખાતર ઉપર જણાવેલા તમામ આંકડા સાચા માનીએ તોપણ નીચે પ્રશ્નોના જવાબ મળી શકતા નથી.

રશિયાની વસતિ આપણી વસતિના ૪૦ ટકા જેટલી જ છે, જ્યારે તેની જમીન આપણી જમીન કરતાં ૬ ગણી વધારે છે. તેનું અનાજ ઉત્પાદન આપણા કરતાં એકરે ૬૪ કિલો વધારે હોય તો પછી તે અનાજની આયાત શા માટે કરે છે? જો પ્રસિદ્ધ થયેલા આંકડા સાચા હોય તો રશિયા અનાજની નિકાસ કરતું હોત, પણ તેમ નથી. ઓસ્ટ્રેલિયા રશિયા કરતાં બમણું ફર્ટિલાઈઝર વાપરે છે. છતાં તેનું અન્ન ઉત્પાદન રશિયા જેટલું જ છે. અહીં ફર્ટિલાઇઝરનું મહત્ત્વ નથી દેખાતું, પરંતુ ઑસ્ટ્રેલિયાનાં જમીન અને હવામાન કરતાં રશિયાનાં જમીન અને હવામાન વધુ સારાં હોવાથી તે ઓછા ફર્ટિલાઇઝરે પણ ઑસ્ટ્રેલિયા જેટલો જ પાક લઈ શકે છે.

આ જ પ્રમાણે યુએસએ અને ફ્રાન્સના આંકડાનો અભ્યાસ કરો. ફ્રાન્સ અમેરિકા કરતાં લગભગ પોણા ત્રણ ગણું ફર્ટિલાઇઝર વાપરે છે. છતાં અમેરિકા કરતાં તેની અન્ન પેદાશ એકર દીઠ ૯૨ કિલો ઓછી છે.

તે જ પ્રમાણે ડેન્માર્ક અને હોલૅન્ડની અને હોલૅન્ડ તેમ જ બેલ્જિયમની વચ્ચે સમાન સરહદો છે. છતાં ડેન્માર્ક કરતાં અઢી ગણું ફર્ટિલાઇઝર વાપરીને બેલ્જિયમ ડેન્માર્ક કરતાં ૪૦ કિલો ઓછો અને હોલૅન્ડ ૩૯૬ કિલો વધુ ફર્ટિલાઇઝર વાપરીને ૨૦ કિલો ઓછો પાક લે છે. **(ક્રમશઃ)**

**-સ્વ. વેણીશંકર મુરારજી વાસુ**

Registration No. with Registrar of Newspapers - MAHGUJ/2003/10411
Postal Registration No. MNW/08/2018-20
Published on 1st of every month
Date of Posting : 7th & 8th of every month

WPP License No - MR/Tech/WPP-34/NW/2018-20
License to post without prepayment
To be Posted at Mumbai Patrika Channel sorting office
Mumbai 400001

## જશ્ન અને નર્મદા ઘાટી પુનર્વસન પ્રશ્ન

(પાના નં.પાંચથી ચાલુ)

થયું. કેટલાંક મોત થયાં. ૨૫ ઑગસ્ટે, રક્ષાબંધનને દિવસે સ્થાનિક પરંપરા મુજબ નર્મદા નદીને રાખડી બાંધીને છોટા બદડા ગામે રિલે ફાસ્ટ અથવા ક્રમિક અનશન એટલે કે વારા-ફરતી ઉપવાસ સાથેના સત્યાગ્રહની શરૂઆત કરવામાં આવી.

પૂરનાં પાણીનું ગામ કે શહેરમાં ફેલાવું સ્લો પૉઇઝનિંગ જેવું હોય છે. અથવા મેધાબહેનના કહેવા મુજબ એ 'હલાલ' પદ્ધતિથી મારી નાખવામાં આવતાં પશુનાં મોત જેવું હોય છે. જુલાઈ-ઑગસ્ટમાં ગુજરાતનાં ૨૦૪ જળાશયો તો ભરાઈ ચૂક્યાં હોય અને લાખો લોકો ડૂબાણ વિસ્તારમાં હોય તેવા સંજોગોમાં સરદાર સરોવરમાં તેની પૂરેપૂરી ક્ષમતાનું પાણી એકઠું કરવાની જરૂર ન હતી. મધ્યપ્રદેશના ઉપરના હિસ્સાના બંધો ત્યાં પડેલા વરસાદને કારણે પૂરા ભરાઈ ગયા હોવાને કારણે સરદાર સરોવરમાં પાણી છોડવું એ મધ્યપ્રદેશ માટે અનિવાર્ય બન્યું હોય તેવા સંજોગોને કારણે પણ સરદાર સરોવરમાં તેની પૂરેપૂરી ક્ષમતાનું પાણી એકઠું કરવાની જરૂર ન હતી. **(ક્રમશઃ)**

**- સુનીતિ સુ. ર. (- અનુ. સંજય શ્રીપાદ ભાવે)**
**(સાભાર : ભૂમિપુત્ર, તા.૧૬-૧૧-૨૦૧૯)**

## પ્રજાના સર્વતોમુખી વિનાશનું મુખ્ય કારણ

(પાના નં.૨થી ચાલુ)

૮. જમીન, હવા, પાણી, અનાજ, શાકભાજી, ફળો, દૂધ ઝેરી થયાં છે, દુષિત થયાં છે.

૯. આવી અનેક આપત્તિઓ પશ્ચિમના યંત્રવાદે સર્જી છે.

લીસ્ટ ઘણુ લાંબું થાય તેમ છે. ટૂંકમાં યંત્રવાદે પ્રજાના સમગ્ર જીવનને ભયાક્રાંત કર્યું છે. બ્રિટિશ સત્તાએ દાખલ કરેલી ચૂંટણીની નવી પ્રથાથી જે જે પક્ષો બ્રિટિશ સિંહાસનનું સંચાલન કરવા ગોઠવાતા આવ્યા છે, તે તમામ પક્ષો છેલ્લા ૭૨ વર્ષમાં પશ્ચિમના યંત્રવાદ રૂપી રાક્ષસની તાકાત વધારતા જ રહ્યા છે, તેના તાબેદારની જેમ વર્તતા રહ્યા છે. તેના વિકાસ માટે સર્વ સામગ્રી-માળખું પૂરું પાડતા રહ્યા છે. સત્તા ઉપર આવેલો નવો પક્ષ પણ આ કેડી ઉપર આગળ વધશે (પ્રારંભિક અણસાર તો એવા જ જણાઈ રહ્યાછે) તો વિશ્વશ્રેષ્ઠ હિંદૂ પ્રજાનું હિન્દુત્વ તો શું, મનુષ્યત્વ પણ નાશ પામશે, અને પ્રજા હિંસક પશુઓના ટોળામાં ફેરવાઈ જશે.

નવો પક્ષ પશ્ચિમી યંત્રવાદની નાગચૂડમાંથી સ્વયં છૂટશે ? અને પ્રજાને છોડાવશે ?

**- અરવિંદભાઈ મણીલાલ પારેખ**

પ્રતિ,

Printed and Published by **ATUL HARSUKHLAL SHAH** on behalf of **Viniyog Parivar Trust**, Printed at **RAJUL ARTS**, DR DAMJI COMPOUND, BEHIND BUS STOP NO. 379, GHATKOPAR (EAST), MUMBAI 400 077, and published from **VINIYOG PARIVAR TRUST**, B-2,104, VAIBHAV, JAMBLI GALI, BORIVALI (WEST), MUMBAI 400 092. Tel.: 28991781, 28980749 Email : vinyogparivar@gmail.com - Editor : **Sanjay Gandhi**